# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ-૩૮૮૧૧૦

**અતિ ભારે વરસાદથી આવી પડેલ આફતમાં નુકશાન થયેલ લોકોને આર્થિક સહાય કરવા બાબત.**

## પરિપત્ર

આથી તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાશ્રીઓ તેમજ બધા જ કર્મચારીઓ વાકેફ છે કે, ગુજરાતમાં આવેલ કુદરતી હોનારતમાં ગુજરાતની પ્રજાનાં જાન-માલ, ધંધા ખેતી અને રોજગાર વગેરેમાં આર્થીક અને શારીરિક રીતે વરસાદી આફતના કારણે ઘણું જ નુકશાન થયેલ છે.

આવી કુદરતી આવી પડેલ આફતમાં નુકશાન થયેલ લોકોને આર્થિક સહાય મળી રહે તેવા શુભ આશયથી આણંદ કૃષિ યુનિવર્સિટીના અધિકારીઓ/કર્મચારીઓના બેઝીક પગારના ૧(એક) ટકા રકમ આપવા માટે આણંદ કૃષિ યુનિવર્સિટી વહીવટી કર્મચારી મંડળ દ્વારા તા.૨૮-૦૭-૨૦૧૭ના પત્રથી આપેલ સંમતિના અનુસંધાનમાં ઓગષ્ટ-૨૦૧૭ના પગારમાંથી જે અધિકારીશ્રીઓ/કર્મચારીઓએ એક દિવસનો પગાર આપવા માંગતા હોય તેઓએ નીચેના નમુના પત્રકમાં સંમતિ આપવાની રહેશે. તેમજ ફાળામાં એક ટકાથી વધુ રકમ પણ આપી શકાશે, જેથી તે મુજબ સંમતિપત્રકમાં ઉલ્લેખ કરવા વિનંતી છે. વધુમાં જે તે યુનિટ કક્ષાએ આવેલ સંમતિ પત્રકના આધારે ઓગષ્ટ-૧૭ ના પગાર બીલમાંથી કપાત કરવાની રહેશે.

પ્રસ્તુત પરિપત્ર માન.કુલપતિશ્રીની આજ્ઞાનુસાર જારી કરવામાં આવે છે.

### અધિકારીશ્રીઓ/કર્મચારીઓએ આપવાનું થતું સમંતિ પત્રક

આથી હું....................................................,હોદો....................,માહે ઓગષ્ટ-૨૦૧૭ના પગારમાંથી ગુજરાતમાં થયેલ હોનારત નુકશાન થયેલ કુટુંબીજનોને આર્થિક સહાયરૂપે મારા બેઝીકના ૧(એક) ટકા રકમ/વધુ રકમનો ફાળો રૂા..................... આપવા સંમતિ આપુ છું.

**નં.આકૃયુ/રજિ/સંકલન/૭૭૧૭ /૨૦૧૭**

**તા.૩ /૦૮/૨૦૧૭**

**કુલસચિવ**

**નકલ સવિનય રવાના:**

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી,આ.કૃ.યુ.,આણંદ.
૨. હિસાબ નિયામકશ્રી, આ.કૃ.યુ., આણંદ તરફ જાણ તથા જે તે યુનિટના પગાર બીલમાંથી કપાત થયેલ ફાળાની રકમ એકત્રિત કરી કુલ નાણાંનો ચેક બનાવી સરકારશ્રીને મોકલી આપવાનો રહેશે.
૩. તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓ તરફ જાણ તથા સદરહું પરિપત્ર તમામને વંચાણે લાવી જરૂરી સંમતિપત્રક મેળવી કપાત કરવાની રહેશે.

**નકલ રવાના:**

આ કચેરીની તમામ શાખાઓ તરફ.